# SKKRSS સંયુક્ત પ્રવેશ પરીક્ષા- UPSC-2019 બેચ

| ક્રમ | સ્ટેજ | તારીખ | સમય | પેપર | પ્રકાર | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨૨.૦૮.૨૦૧૮, બુધવાર | ૧૦.૦૦ થી ૧૨.૦૦ (૨ કલાક) | વિભાગ-A<br>વિભાગ-B | ઓબ્જેક્ટિવ-GS, (૭૭ પ્રશ્નો, ૧૫૪ ગુણ)<br>એપ્ટિટ્યુડ/CSAT. (૨૩ પ્રશ્નો, ૪૬ ગુણ) | ૨૦૦ |
| | | | ૧૨.૦૦ થી ૧૩.૦૦ (૧ કલાક) | વિભાગ-C | વર્ણનાત્મક પ્રશ્નો (descriptive) | ૧૦૦ |
| ૨ | ૨ | ૦૯.૦૯.૨૦૧૮, રવિવાર | સવારે ૦૯:૦૦ થી | ઈન્ટરવ્યુ | લાયકાત: 1.8.19 ના રોજ 21 થી 32 ની ઉમરના ગ્રેજ્યુએટ-છેલ્લાં વર્ષમાં હોતો ઓક્ટોબર-19 સુધીમાં ડિગ્રી. | ૫૦ |
| | | | | | કુલ ગુણ= | ૩૫૦ |

❖ ૫૦ ની બેચ ૩૫૦ ગુણના મેરીટ આધારે પસંદ થશે.
૧૫૦ ઉમેદવારોને (એટલે કે ત્રણ ગણા)ને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.

# SKKRSS – પ્રવેશ પરીક્ષાનો અભ્યાસક્રમ અને પેપર સ્ટાઈલ

## વિભાગ – A (ઓબ્જેક્ટિવ જનરલ સ્ટડીઝ)

વિભાગ- A (જનરલ સ્ટડીઝ), નીચેના મુદ્દાઓ આધારિત – ૭૭ પ્રશ્નો – (૧૫૪ ગુણ)

1. Current events of national and international importance.
2. History of India and Indian national movement
3. India and world Geography- physical, social, economic geography of india and the world.
4. Indian Polity and governance – constitution, political system, panchayati Raj, Public policy, Right Issues, etc.
5. Economic and social development - sustainable development, poverty, inclusion, demographics, social sector initiatives, etc.
6. General issues on environmental ecology, bio-diversity and climate Change (does not require subject specialization)
7. General Science.

*દરેક મુદ્દા પર લગભગ ૧૧ પ્રશ્નો પૂછાશે.*

# વિભાગ – B (એપ્ટિટ્યુડ/CSAT)

| અ.નં | વિષયો | પ્રશ્નોની સંખ્યા | ગુણ |
|---|---|---|---|
| ૧. | Comprehension | ૩ | ૬ |
| ૨. | Interpersonal skill including communication skills | ૨ | ૪ |
| ૩. | Logical reasoning and analytical ability | ૪ | ૮ |
| ૪. | Decision making and problem solving | ૨ | ૪ |
| ૫. | General mental ability | ૨ | ૪ |
| ૬. | English Language comprehension (class X level). | ૫ | ૧૦ |
| ૭. | Basic numeracy (numbers and their relations, order of magnitude etc (class x level). | ૨ | ૪ |
| ૮. | Data interpretation (charts, graphs, tables. Data sufficiency etc.- Class X level) | ૩ | ૬ |
| | | ૨૩ પ્રશ્નો | ૪૬ ગુણ |

# વિભાગ – C

## વર્ણનાત્મક વિભાગ

સમય ૦૧.૦૦ કલાક

*કુલ => ૧૦૦ ગુણ, કુલ પ્રશ્નોની સંખ્યા-3*

**નિબંધ મૂલ્યાંકન માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા (keys)**

૧. વિષયવસ્તુ તથા તેની પ્રસ્તુતતા (content and its relevance)
૨. તાર્કિક ક્રમ રજૂઆત (logical order/aptitude)
3. લાઘવ અભિવ્યક્તિ (brevity expression)
૪. અસરકારકતા (effectiveness)
૫. રચનાત્મક અભિગમ (constructive approach)
૬. આંકડાઓની પ્રસ્તુતતા (description of figures)

# વિભાગ-C

પ્રશ્ન-૧. ૪ વિષયમાંથી ૧ વિષય પર આશરે ૪૦૦ શબ્દોમાં નિબંધ (ગુજરાતી/અંગ્રેજીમાં), ૫૦ માર્ક્સ

દા.ત. ૧. મહાસત્તા તરીકે ભારતના ઉદયમાં અંતરાયરૂપ આજની શિક્ષણ પ્રણાલી.

(Today's education system- an obstacle in India's emergence as a superpower)

૨.કોમ્પ્યુટર અને મોબાઈલના યુગમાં આપણું જીવન કેટલું બદલાયું છે?

(How much has our life changed in the era of computer and mobile? )

પ્રશ્ન-૨. આપેલ વિષયનું આશરે ૨૦૦ શબ્દોમાં વિવેચન (ત્રણ માંથી એક), ૨૫ માર્ક્સ

દા.ત. ૧. Lateral entry in bureaucracy (સરકારમાં બાજુ પરથી પ્રવેશ)

૨. Social Contribution of Gandhiji (ગાંધીજીનું સામાજિક પ્રદાન)

3. Transformation in Agriculture Sector (કૃષિ ક્ષેત્રમાં રૂપાંતરણ પ્રક્રિયા)

પ્રશ્ન-3. English Language (Attempt any 1), Aapprox.-200words. 25 Marks

options:
1. Essay:- current burning issue
2. Letter
3. Report

(Topics for letter/Report):-Energy, water, Agricultural issue, Health, Rural/Urban issue, etc.)

| Topic | Material/Books/References |
|---|---|
| NCERT | યુપીએસસીના ઘણા MCQ પ્રશ્નો CBSE બોર્ડના પાઠ્યપુસ્તકોમાંથી સીધા પૂછાતા હોઈ, ધો.૭ થી ૧૨ ના Social Science, History and Geographyના પુસ્તકો જોઈ લેવા. ઓનલાઈન ડાઉનલોડ પણ કરી શકાય. |
| જુના પ્રશ્નપત્રો | Last 21 years topic CSAT paperset by Disha publication. હિન્દીમાં પણ ઉપલબ્ધ. |
| **Paper-1 (General Studies)** | |
| Geography | Geography: A comprehensive study: Maheshkumar Barnwal |
| Environment | National Institute of open studies (NIOS)નું PDF material |
| Economy | Indial Economy: Ramesh Singh |
| Polity (બંધારણ) | Indian polity by M.Laxmikanth (McGraw-Hill) અંગ્રેજી-હિન્દી બેઉમાં ઉપલબ્ધ.<br>ઉપરાંત નવા બીલ,એક્ટ, બંધારણીય સુધારા વગેરેની નોટ્સ માટે prsindia.org પર જવું. |
| History | પ્રાચીન અને મધ્યકાલીન ભારત: Lucent GK પુસ્તક, NCERT ધો. ૭ થી ૧૨.<br>આઝાદીની ચળવળ: Brief History of Modern India: Rajiv Ahir Spectrum publication |
| Culture | National Institute of open studies (NIOS)નું PDF material |
| Current Affairs | Newspaper: At least one English newspaper – Indian Express or The Hindu. (Any one)<br>Magazine: Frontline, Yojna |
| Science | NCERT class 7-10: science textbook (all chapters) and English newspaper |
| GS Material | Tata McGraw-Hill's, spectrum, Unique, pearson, Arihant, chronicle પબ્લિકેશન દ્વારા પ્રકાશિત GS/CSAT manual પૈકી કોઈપણ એક મેન્યુઅલ જોઈ લેવું. (જુનું પણ વાપરી શકાય) |

# Paper-2 (Aptitude)

| | |
|---|---|
| **Aptitude** | 1. Maths માટે: Fast track to objective Arithmatic (Rajesh Verma, Arhihant Publication) (કોઈ એક)<br>2. Reasoning માટે: Analytical Reasoning (MK Pandey, BSC Publication) (કોઈ એક)<br>3. Comprehension: Practice passages from online resources & mock papers |

# Sample questions for Date.22/8/2018 entrance Exam

## General Studies and CSAT (154+46=200 Marks)

0.33 % Negative Marking

**૧. ઝોરાષ્ટ્રીયન ધર્મ વિષે નીચેના નિવેદનો ધ્યાનમાં લો:**

(૧) ઈરાની પયગંબર જરથુષ્ટ્ર આ ધર્મના સ્થાપક છે.

(૨) આ એક વટાળવૃત્તિને માન્ય રાખતો ધર્મ છે.

(૩) નવરોઝ સામાન્યત: ૨૧મી માર્ચના રોજ મનાવવામાં આવે છે જે ઉત્તર ગોળાર્ધમાં સરખા દિવસ-રાત સાથે વસંતની શરૂઆતની નિશાની પણ છે.

સાચા નિવેદન છે:

(A) માત્ર (૧) અને (૨)

(B) માત્ર (૨) અને (૩)

(C) માત્ર (૧) અને (૩)

(D) આપેલ તમામ.

**૨. ગુજરાતનાં નીચેના અને તેમના પુરાતત્વીય મહત્વ પર વિચાર કરો.**

(1) બાલાસિનોર : ડાઈનાસોર અવશેષો.

(2) સુરકોટડા : સિંધુ ખીણની સંસ્કૃતિ.

(3) લાંઘણજ : મેસોલિથિક અવશેષો

સાચા નિવેદન છે:

(A) માત્ર (૧) અને (૨)

(B) માત્ર (૨) અને (૩)

(C) માત્ર (૧) અને (૩)

(D) આપેલ તમામ.

3. નાથુલા ઘાટ ............. માં આવેલો છે.

(A) પંજાબની હિમાલય પર્વતમાળા

(B) સિક્કીમની હિમાલય પર્વતમાળા

(C) કુમાઉની હિમાલય પર્વતમાળા

(D) કાશ્મીરની હિમાલય પર્વતમાળા

૪. નીચેનું ક્યું યુનેસ્કોની નેચરલ વર્લ્ડ હેરિટેઝ સાઈટ સૂચિમાં નથી?

(A) નોકરેક – મેઘાલય

(B) કાઝીરંગા રાષ્ટ્રિય ઉધાન – આસામ

(C) માનસ વન્યજીવ અભયારણ્ય – આસામ

(D) પશ્ચિમી ઘાટ

૫. નીચેનામાંથી ક્યો ગેસ એસિડવર્ષામાં ફાળો આપે છે?

(A) કાર્બન ડાયોક્સાઈડ અને કાર્બન મોનોક્સાઈડ

(B) સલ્ફર ઓક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડ

(C) મિથેન

(D) ઉપરોક્ત તમામ

૬. “થેચરીઝમ” અને “રેગનિઝમ” શબ્દો મુખ્યતે .................. સાથે સંકળાયેલા છે.

(A) રાજકારણમાં જવાબદેહી

(B) જાહેર સાહસોનું ખાનગીકરણ

(C) શીત યુધ્ધ દરમિયાન યુએસએસઆર વિરોધી વ્યૂહરચના

(D) ઉપરોક્ત પૈકી એકેય નહી.

૭. નીચેના પૈકી ક્યા ઈ-ગવર્નન્સ પગલાં સાચાં છે?

(A) શગુન પોર્ટલ: માનવ સંશાધ વિકાસ મંત્રાલય સર્વ શિક્ષા અભિયાનનું અમલીકરણ જુએ છે.

(B) મદદ એપ: લઘુમતી બાબતોનું મંત્રાલય મદ્રેસામાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓને નોકરીઓમાં ભરતીઓની સૂચનાઓ મોકલે છે.

(C) સુગમ્ય પુસ્તકાલય: દિવ્યચક્ષુઓ માટે દિવ્યાંગ સશક્તિકરણ વિભાગનું ઓનલાઈન પુસ્તકાલય.

જવાબના વિકલ્પો:

(A) માત્ર (૧) અને (૨)

(B) માત્ર (૨) અને (૩)

(C) માત્ર (૧) અને (૩)

(D) (૧) , (૨) અને (૩)

# Aptitude: Gujarati/English

**Direction for Question: If the engineer made the wing length according to majority opinion, chances are the plane would not fly. In making economic policy from setting tax rates to changing interest rates, to planning subsidies, people have variety of views . This makes the task much more complex, for one has to combine economics knowledge with how people vote. Hence Economics is a strange discipline where everyone has a view about how to design an economic policy. This participation is welcome because it prevents the elite from hijacking all policies for their own benefit.**

સુચના પ્રશ્ન: જો ઇજનેર પાંખો ની લંબાઈ બહુમતીના અભિપ્રાય મુજબ બનાવે તો શક્ય છે કે વિમાન ઉડે જ નહીં. આર્થિક નીતિઓ ઘડવામાં કર નક્કી કરવાથી લઈ, વ્યાજ દરો બદલવાથી લઈ, સબસીડીના આયોજન સુધી લોકોના વિભિન્ન મંતવ્ય હોય છે. આ બાબતો કામગીરીને વધુને વધુ જટિલ બનાવે છે, કારણકે વ્યક્તિએ અર્થશાસ્ત્ર ના જ્ઞાનને લોકો કેવી રીતે મત આપશે તેને જોડવું પડે! આથી, અર્થશાસ્ત્ર એ એક વિચિત્ર વિષય છે જ્યાં દરેકનો આર્થિક નીતિ કેવી રીતે ઘડવી એ અંગે પોતાનો મત હોય છે. આ સહભાગિતા આવકાર્ય છે કારણ કે તે ભદ્ર/ઉચ્ચ વર્ગને, અંગત લાભો માટે તમામ નીતિઓનું અપરણ કરતા રોકે છે.

1. **The central theme of this passage is …………**

**(A) Economic is more complicated than engineering**

**(B) The elites misappropriate subsidies and avoid paying taxes.**

**(C) Economic policy making is is a blend of Economics and political persuasion.**

**(D) Society has failed in educating the ordinary citizens about economic policy.**

1. આ ફકરાની મધ્યવર્તી વિષયવસ્તુ ……………….. છે

(A) અર્થશાસ્ત્ર એ ઇજનેરી કરતા વધુ જટિલ છે.

(B) ભદ્ર/ઉચ્ચ વર્ગના લોકો સબસિડીનો દુરુપયોગ કરે છે અને કર ચૂકવવાનું ટાળે છે.

(C) આર્થિક નીતિઓનું ઘડતર એ અર્થશાસ્ત્ર અને રાજકીય સમજાવટ નું મિશ્રણ છે.

(D) સમાજ સામાન્ય પ્રજાજનોને આર્થિક નીતિ અંગે જ્ઞાન આપવામાં નિષ્ફળ ગયો છે.

**2. In the Pattern 1,4,27,16 , (?),36, 343,…….the term marked with question mark with "?" is ……….**

**1,4,27,16 , (?),36, 343,……. આ શ્રેણીમાં પ્રશ્નાર્થ ચિહ્નથી અંકિત થયેલ પદ……. છે.**

(A)૩૦
(B)૪૯
(C)૧૨૫
(D)૮૧

# ઈન્ટરવ્યુ – ૫૦ ગુણ

1. ઉમેદવારની શિસ્ત, રીતભાત, ડ્રેસિંગ
2. ઉમેદવારની બોડી લેંગ્વેજ
3. ઉમેદવારની અભિવ્યક્તિ
4. ઉમેદવારના વિષયોની જાણકારી
5. જીવન મૂલ્યો વિશેની સમજ અને આત્મવિશ્વાસ
6. જનરલ અવેરનેસ – સામાન્ય જાણકારી

# અગત્યની તવારીખ માટે અગત્યની તારીખો.

પ્રવેશ પરીક્ષાના ફોર્મ ભરવાનો સમયગાળો- 21/7 થી 10/8/18.

| | | | |
|---|---|---|---|
| 1. | સંયુક્ત પ્રવેશ પરીક્ષા | ૨૨.૦૮.૨૦૧૮ | બુધવાર |
| 2. | ઈન્ટરવ્યુ | ૦૯.૦૯.૨૦૧૮ | રવિવાર |
| 3. | સંયુક્ત પ્રવેશ પરીક્ષાનું પરિણામ | ૦૨.૦૯.૨૦૧૮ | રવિવાર |
| 4. | અંતિમ પરિણામ | ૧૨.૦૯.૨૦૧૮ | બુધવાર |
| 5. | પ્રવેશ પ્રક્રિયા | ૧૭.૦૯.૨૦૧૮ થી ૨૧.૦૯.૨૦૧૮ | |
| 6. | વર્ગ-પ્રારંભ | ૨૨.૦૯.૨૦૧૮ | રવિવાર |

# કેટલાક પ્રશ્નો અને ઉત્તરો

- કોર્સ નો સમયગાળો ?- ૯ મહિના- ૧૧ મહિના.
- ક્યા વિષયો ? – પ્રિલિમ્સ બધાં- મેઈન્સ- ગુજરાતી- ઈતિહાસ- ભૂગોળ-પબ્લિક એડમીનીસ્ટ્રેશન- રાજ્યશાસ્ત્ર- અર્થશાસ્ત્ર- સમાજશાસ્ત્ર.
- ફેકલ્ટી ? – ભારતની બેસ્ટ ફેકલ્ટી માટેનો પ્રયત્ન છે.
- દરરોજ કેટલાં કલાક ? ઓછામાં ઓછા-૫, વધુમાં વધુ-૧૦.
- ફી કેટલી ? હોસ્ટેલ સાથે ૧.૫૦ લાખ. ફક્ત શૈક્ષણિક- ૧/- લાખ(હોસ્ટેલ સુવિધા વગર).- ત્રણ તબક્કા- ડિપોઝિટ- વચ્ચેથી પરત નહીં.
- UPSC સિવાયનાનું શું?- અનેક મોડ્યુલ્સ-યાત્રા.
- નોંધઃ ૯૦ થી ૯૫ ટકા પ્રશ્નો ઉપરોક્ત દર્શાવેલ કોર્ષમાંથી પૂછવાનો પ્રયત્ન છે.